R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્વીકાર ઉપાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 16 DATE: 21-04-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## તામીલનાડુંના રાજ્યપાલે મહિલા પત્રકારના ગાલ પર હાથ ફેરવતાં વિવાદ ઉભો થયો

ચેન્નાઇમાં એક પ્રેસ કોન્ફરન્સમાં તામિલનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતને એક મહિલા પત્રકારે સવાલ કર્યો હતો ,જેના જવાબમાં રાજ્યપાલે તેના ગાલ પર હાથ ફ ેરવતાં વિવાદ થયો હતો.બાદમાં પુરોહિતે માંફી માંગી લીધી હતી.તામિલનાડુંની એક કોલેજના લેકચરરે વિદ્યાર્થીનીઓને સારા માર્કસથી પાસ કરવા માટે જાતીય સબંધ બાંધવાનું કહ્યુ હતું અને આ અંગેની લેકચરરની ઓડીયો ક્લિપ વાયરલ થઇ હતી. આ અંગે રાજ્યપાલ પર સવાલોનો મારો થયો હતો. પત્રકાર પરિષદ પુરી કરીને રાજ્યપાલ બહાર જઇ રહ્યા હતા.ત્યારે લક્ષ્મી સુબ્રમણ્યમ નામની એક મહિલા પત્રકારે સવાલો કર્યા હતા. રાજ્યપાલે તેનો જવાબ આપવાને બદલે પત્રકારના ગાલ પર હાથ ફેરવી દીધા હતા.અચાનક જ બનેલી આ ઘટનાથી મહિલા પત્રકાર ડઘાઇ ગઇ હતી. અને ટ્વીટર થકી પોતાની વ્યથા ઠાલવી હતી.

પત્રકારે લખ્યું કે મે રાજ્યપાલ પુરોહિતને સવાલ કર્યો હતો .તેમણે જવાબ આપવાને બદલે મારી સંમતિ વગર મારા ગાલ પર હાથ ફેરવી દીધો હતો. હુ અનેક વખત મારો ચહેરો ધોઇ ચુકી છું. પરંતુ આ ઘટનાના આઘાતમાંથી બહાર આવી શકતી નથી. આ અત્યંત ભડકાઉ અને ગુસ્સા જન્માવે તેવો મામલો હતો.શ્રીમાન રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત એવું બની શકે કે તમે સ્નેહ દર્શાવવા માટે આવુ કર્યુ હોય, પરંતુ તે મને ખોટું લાગ્યું છે.જો કે વિવાદ થતાં રાજયપાલે મહિલા પત્રકારની માંફી માંગી લીધી હતી.પરંતુ વિરોધ પક્ષ ડીએમકેએ આ મામલે વિરોધ પ્રદર્શન શરુ કરી દીધા છે.

## જયશાહ દ્વારા પોર્ટલ પર કરાયેલ બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટે કેસમાં શાંતિપુર્ણ સમાધાન કરી લેવાની સલાહ આપી

સુપ્રીમ કોર્ટે ભાજપના પ્રમુખ અમિત શાહના પુત્ર જય શાહ દ્વારા ધ વાયર પોર્ટલ તથા તેના પત્રકારો પર બદનક્ષીના કેસમાં શાંતિપુર્ણ સમાધાન કરવાની સલાહ આપી હતી.જય શાહે પોર્ટલ અને તેના પત્રકારો પર બદનક્ષીનો કેસ કર્યો હતો.પોર્ટલમાં એવો દાવો કરાયો હતો કે જય શાહની કંપનીનું ટર્નઓવર ભાજપના શાસનમાં અસાધારણ વધી ગયું હતું.

ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે ફાઇલ ઓપન કર્યા વગર જ અને બંન્ને પક્ષોના વકીલોને કહેવા માંગીએ છીએ કે સાથે બેસીને ઉકેલ લાવવાનો પ્રયાસ કરો.બેન્ચે આ સાથે ગુજરાત ટ્રાયલ કોર્ટના વચગાળાના આદેશને પણ લંબાવ્યો હતો.જેમાં કોર્ટે આ કેસમાં રોહિણીસિંહ સહિતના પત્રકારો સામે કાર્યવાહી ન કરવા કહ્યુ હતું.કોર્ટે અંતિમ નિકાલ સુધી વચગાળાનો આદેશ લાગુ રહેશે તેમ કહ્યુ હતું.

## મક્કા મસ્જીદ બ્લાસ્ટ કેસનો ચુકાદો આપનાર જજનું રાજીનામુ ફગાવાયું

હૈદ્રાબાદની મક્કા મસ્જીદના બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો ચુકાદો આપનાર જજ રવિન્દર રેડ્ડીનું રાજીનામું ફગાવવામાં આવ્યુ છે. અને તેમને તાત્કાલિક ફરજ પર હાજર થવાનું ફરમાન કરાયું છે.આંધ્ર પ્રદેશ અને તેલંગાણા હાઇકોર્ટે જજ રેડ્ડીનું રાજીનામું સ્વીકાર્યુ ન હતુ અને તેમને તત્કાલ ડ્યુટી પર હાજર થવાનો આદેશ આપ્યો છે.

## પગારદાર કરદાતાઓને ખોટું આઇટી રિર્ટન ભરવા સામે ચેતવણી

પોતાનુ ઇન્કમટેક્ષ રીર્ટન ભરવામાં કોઇ કસુર કરવામાં આવશે તો તેની સામે સખ્ત પગલાં ભરવાની ઇન્કમટેક્ષ વિભાગે ચેતવણી આપી છે.જો તમે ટેક્સ બચાવવા માટે ખોટું ઇન્કમ ટેક્ષ રીર્ટન ફાઇલ કરવાનું વિચારી રહ્યા હો તો ચેતી જવું પડશે.આવકવેરા વિભાગે પગારદાર વર્ગને ખોટું આઇટીઆર ફાઇલ કરવા સામે ચેતવણી આપી છે.તેમણે કહ્યું હતું કે આવા લોકો સામે પગલાં ભરવામાં આવશે.

આઇટી વિભાગે આવા કરદાતાઓને પોતાના રિટર્નમાં ઇન્કમ ઓછી બતાવવા અથવા ટીડીએસની વિગત ખોટી બતાવવા જેવી યુક્તિઓ અપનાવવા સામે પણ ચેતવણી આપી છે.આવા લોકો સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે. ખોટા ફાયદા માટે ફ્રોડ ટેક્સ સલાહકારોના ચક્કરમાં ના પડવા માટે આઇટીના સીપીસીએ કરદાતાઓ માટે ખાસ એડવાઇઝરી પ્રસિધ્ધ કરી છે.

આઇટી વિભાગે એક એવી ગેંગનો પર્દાફાશ કર્યો હતો કે જે કર્મચારીઓને બનાવટી ઉપાયોથી ટેક્સ રિફંડ હાંસલ કરવામાં મદદ કરતો હતો. સીબીઆઇએ તાજેતરમાં આ કેસમાં ગુનો નોધ્યો છે.પગારદાર વર્ગ માટે ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની સીઝનની શરુઆત થઇ છે.સીબીડીટીએ પગારદાર કરદાતાઓ માટે નવું આઇટીઆર ફોર્મ તાજેતરમાં જારી કર્યુ છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## એસબીઆઇ રિસર્ચે સરકાર અને રિઝર્વ બેન્કનો નોટોની અછત નથી તે દાવો પોકળ ગણાવ્યો

દેશમાં ચલણી નોટોની કોઇ અછત નથી તેવા સરકાર અને રિઝર્વ બેન્કના દાવાનો છેદ ઉડી જાય તેવો દાવો એસબીઆઇ રિસર્ચે કર્યો છે.તેનું કહેવું છે કે સિસ્ટમમાં રુ.સીત્તેર હજાર કરોડ જેટલી રોકડની તંગી છે.અને તે એટીએમમાંથી દર મહિને ઉપાડાતી રોકડના ત્રીજા ભાગ જેટલી છે. તેના કહેવા મુજબ સિસ્ટમમાં વધુ સીત્તેર હજાર કરોડ આવતાં અને સ્થિર થતાં બેથી છ સપ્તાહનો સમય લાગશે.આમ હજુ લોકોને સરળતાથી રોકડ મેળવવા રાહ જોવી પડશે.

ચલણી નોટોની અછતના અહેવાલો રાષ્ટ્રીય છાપાઓમાં મથાળામાં ચમક્યા તેના બીજા દિવસે જ એસબીઆઇ રીસર્ચે એક નોંધમાં ચલણી નોટોની અછત માટે અનેક કારણો બતાવ્યા છે જેમાં નજીવો આર્થિક વૃધ્ધિદર, લોકો પાસે ચલણની અછત અને ડીજીટલ વ્યવહારોમાં વધારા જેવા કારણો અપાયા છે.નોંધ મુજબ ૯.૮ ટકાના જીડીપી ગ્રોથ અંદાજ મુજબ માર્ચ ૨૦૧૮ સુધીમાં રુ.૧૯.૪ લાખ કરોડની રકમ લોકો પાસે રહેવી જોઇતી હતી.પરંતુ તેની સામે વાસ્તવિક ઉપલબ્ધતા રુ.૧૭.૫લાખ કરોડ જેટલી હતી.આમ નાણાં સિસ્ટમમાં રુ.૧.૯ લાખ કરોડનો ગેપ એ અછત નથી.

બીજી બાજુ ડીજીટલ ટ્રાન્ઝેકશનનું પ્રમાણ માત્ર રુ.૧.૨ લાખ કરોડ જેટલું છે. જે નવેમ્બર ૨૦૧૬ની નોટબંધીને પગલે પછીના મહિનાઓ કરતાં ઘણુ ઓછું છે.આમ આને કારણે દેખીતી અછત રુ.૭૦ હજાર કરોડની આસપાસ હોઇ શકે છે તેમ નોંધમાં ઉમેરાયું છે.

ચલણની અછત અંગેના અહેવાલોના પ્રતિસાદમાં એસબીઆઇ રિસર્ચની નોંધમાં ઉમેરાયું છે કે ચલણમાં ફરતી ચલણી નોટોનો આંકડો નોટબંધી પહેલાની રુ.૧૭.૮૪ ટ્રિલીયનની સપાટી પાર કરી ગઇ છે.આમ આ અહેવાલો રસપ્રદ અને તર્કથી વિપરિત છે.નોધમાં ખુલાસો કરાયો છે કે ૨૦૦ની ચલણી નોટોની પ્રિન્ટીંગ અને તેને દાખલ કરવામાં ઝડપ પણ રોકડની અછત માટેનું કારણ હોઇ શકે છે.કેમકે તેના કારણે લાંબા વખતથી મોટી ચલણની નોટોને બદલે નાની ચલણી નોટોની માંગ વધી હોઇ શકે.

રોકડની અછતને કારણે નોટબંધી બાદ લોકોને સરકારમાં અવિશ્વાસ દેખાઇ રહ્યો છે.ધીમે ધીમે લોકોમાં એક ગ્રંથિ બંધાઇ રહી છે કે આ સરકાર લોકોને અને અર્થતંત્રને નુકશાન પહોચાડી રહી છે.કર્ણાટકમાં ચુંટણીને કારણે રોકડની રેલમછેલ ચાલી રહી છે.શું આ ચલણીનોટો કર્ણાટકમાં પહોચી ગઇ છે ?

## સુપ્રીમ કોટેને સરકારી અધિકારીઓ મુર્ખ બનાવી રહ્યા હોવાનો અહેસાસ થયો

સુપ્રીમ કોર્ટે એક ચુકાદા વખતે કહ્યુ હતું કે સરકારના અધિકારીઓ અમને મુર્ખ બનાવી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે આટલી હતાશા એટલા માટે થઇ કારણકે તેના ધ્યાનમાં આવ્યું કે પર્યાવરણની સુરક્ષા અને લોકોના લાભ માટે ફાળવાયેલું એક લાખ કરોડ રુપિયાનું ફંડ અન્યત્ર ઉપયોગમાં ફાળવી દેવાયું હતું. પર્યાવરણવિદ એમ.સી.મહેતાએ ૧૯૮૫માં પીઆઇએલ કરી હતી જેના પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી હતી. સરકારની આકરી ટીકા કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે તેણે સરકાર પર વિશ્વાસ મુક્યો હતો.પરંતુ અધિકારીઓ કામ જ કરતાં નથી.કોર્ટે જ્યારે કંઇ કહે તો તેને ન્યાયતંત્રની વધુ પડતી સક્રિયતા કહેવામાં આવે છે.સુપ્રીમ કોર્ટના આદેશથી પર્યાવરણ સુરક્ષા માટે રચાયેલા વિવિધ ફંડ હેઠળ એકત્ર કરાયેલી આ જંગી રકમ અન્ય હેતુ માટે અને લોકોના લાભ માટે વાપરવાની હતી.કોર્ટે કહ્યુ કે હવે અમારે તેમને પકડવા પડશે.અમે કોઇ નાની સુની રકમની વાત નથી કરી રહ્યા.આ ખુબજ હતાશાજનક છે.

સુપ્રીમ કોર્ટને બહુ સમય બાદ આ વાતની જાણ થઇ પરંતુ અધિકારીઓ આઝાદી પછી દેશની જનતાને મુર્ખ બનાવી રહ્યા છે.તેમને માટે બનાવાયેલી યોજનાઓ ક્યારે યોગ્ય રીતે લોકો સુધી પહોચતી જ નથી.



**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.



# ગરવી નવક્રાંતિ

દેશમાં યુપીએ સરકારના વખતમાં બનેલા ગુનાઓ અને કસુરવાર ગુનેગારોને એનડીએની સરકારમાં આરોપ સિધ્ધ થયા હોવા છતાં છોડી મુકવામાં આવે તો તેનો અર્થ એ થાય છે કે સત્તા મેળવવા માટે આચરાયેલા ગુનાઓમાં આ બધાજ ભાગીદાર હતા.સીબીઆઈ અને એનઆઈએને સરકારે તેમના પાલતુ પોપટો બનવી દીધા છે.ત્રાસવાદ સામે લડવાના ઉદ્દેશ્યથી રચાયેલી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના મક્કા મસ્જીદ વિસ્ફોટ કેસમાં વધુ એક વખત પુરવાર થયું છે.આ વિસ્ફોટના તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા. ૨૦૧૪માં ભાજપની સરકાર રચાયા બાદ આ કેસના એક પછી એક સાક્ષીઓ ફરી ગયા.કેટલાક આરોપીઓએ ગુનાની કબુલાત કરી હોવા છતાં નિર્દોષ છોડી મુકાયા.સીબીઆઈએ એન્કાઉન્ટર કેસના આરોપીઓને છોડી મુકવામાં તેમના રાજકીય આકાઓના ઈશારે કામ કર્યુ છે.જેમણે નથી કર્યું તેમનો બદલી નાંખવામાં આવ્યા કાં તો તેમનો એકડો કાઢી નાંખવામાં આવ્યો.એનઆઈએ અને સીબીઆઈ આરોપીઓ સામેના કેસ પુરવાર કરવામાં જાણીબુઝીને નિષ્ફળ ગઈ છે.

ન્યાયતંત્રના સીનીયર જજો કેટલાક સમયથી ભુમો પાડી રહ્યા છે કે દેશની લોકશાહી ખતરામાં છે.તેઓ સ્પષ્ટતા પુર્વક કહેતા નથી પરંતુ એ વાત જેને સમજાય છે તે જાણી ગયા છે કે લોકશાહીને માત્ર રાજ્યસત્તાથી જ ખતરો છે અને તે ખતરો કોના તરફથી છે તેના તરફ પણ ઈશારો કરી દેવાયો છે.છતાં હવે દેશની પ્રજાએ નક્કી કરવાનું છે કે જેમણે તેમનો અવાજ બુલંદ કર્યો છતાં જનતાના બહેરા કાને તે અથડાયો નહી, તો ઈતિહાસ દેશની જનતાને માફ નહીં કરે.

હવે દેશમાંથી રોકડ ગુમ થઈ ગઈ છે અને રોકડ નોટોનો કકળાટ ચાલુ થઈ ગયો છે.શું દેશમાં સત્તા પર બેઠેલા લોકોને દેશની પ્રજાને બેવકુફ બનાવવા માટે હજુ કેટલો સમય જોઈએ છે અને પ્રજાને પણ આ બધું સહન કરી લેવા માટે કેટલા સમય જોઈએ છે તે નકકી કરવાનું છે.સતત વધતી જતી મોંઘવારી, નોટબંધી,જીએસટી,રોકડની અછત,બેન્કોના ગોટાળા વિગેરે કૌભાંડોની પરંપરા છતાં દેશની પ્રજા અને ભક્તોની ઉંઘ ઉડતી નથી તે નવાઈની બાબત છે.ખેર,૨૦૧૯માં પ્રજામત કોની તરફેણમાં ઝુકે છે તે જોવાનું રહ્યું ?

ચોરી કરતો નથી અને કરવા દેતો નથી એમની નજર સામે ગાંધીનગરમાં જમીન વિકાસના દફતરમાંજ અધિકારીઓની કેબીનો અને ટેબલોમાંથી લાખો રુપીયા એન્ટી કરપ્શનને મલી આવ્યા.છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી અધિકારીઓમાં ખાયકીનું પ્રમાણ વધી ગયા હોવાનું ચર્ચાતું હતું પરંતુ તેના કોઈ પુરાવા મળતા નહોતા. એટલે રાજકારણીઓ જેઓ સત્તા પર બેઠેલા છે તેઓ તેમની આગળની સરકારોના વહીવટને વખોડતી હતી. પરંતુ હવે આ તો તેમના રાજ્યમાં બનેલી ઘટના છે.

કૌભાંડો,ભ્રષ્ટાચારો અને એવા અનેક બખંડજંતર તાજેતરમાં દેશભરમાંથી બહાર આવવા માંડ્યા છે તેના પરથી એવું દેખાય છે કે દેશમાં અંધાધુધી ફેલાઈ ગઈ છે.રામરાજ્યની કલ્પના કરવી પણ હવે ઘોર પાપ સમાન લાગે છે.ગાંધીને નામે ગઠીયા તર્યા તેવી ઉક્તિ પ્રચલિત હતી પરંતુ હવે રામના નામે પણ ગઠિયાઓ તરી રહ્યા છે તેવું પ્રચલિત બને તો નવાઈ નહીં રહે. ૨૦૧૯ની ચુંટણીમાં કેટલા અને કેવા સજ્જનોને પ્રજા ચુંટે તે પરથી નક્કી થશે.દેશમાં અનેક પ્રશ્નો વિકરાળ બની રહ્યા છે.ચોરી,લુંટ,બળાત્કાર,કૌબાંડો,ભ્રષ્ટાચાર વિગરે કેવી રીતે નાથી શકાય તે વિચારવાનું રહ્યુ છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# સુપ્રીમ કોર્ટના જીવન અને અસ્તિત્વ સામે જોખમ છે હજુ પણ ન્યાયતંત્રમાં બધુ ઠીકઠાક ચાલતુ હોવાનું માનવું ભુલભરેલું છે.જજોની નિમણુંક કરો નહીં તો ઈતિહાસ માફ નહીં કરે :સુપ્રીમ કોર્ટ સીનીયર જજીસ



સુપ્રીમ કોર્ટના સૌથી સિનિયર જજ જસ્ટીસ જે. ચેલમેશ્વરે અગાઉની માફક ફરી એક વખત દેશની સર્વોચ્ચ અદાલતમાં બધું ઠીકઠાક ચાલતું ન હોવાનો ઈશારો કર્યો છે.અને રોસ્ટર અંગેની એક અરજી પર સુનાવણીનો એમ કહીને ઈન્કાર કરી દીધો છે કે જો તેઓ આ અંગે ચુકાદો આપશે તો તેને ૨૪ કલાકમાં ફેરવી નંખાશે.પુર્વ કાયદામંત્રી અને જાણીતા એડવોકેટ શાંતિ ભુષણે રોસ્ટર અંગેની કરેલી અરજી પર જસ્ટીસ ચેલમેશ્રરે સુનાવણી હાથ ધરવાની હતી તેનો ઈન્કાર કરી દીધો હતો.શાંતિભુષણની અરજીના કેસની ફાળળણી અને તેની માર્ગદર્શિકા અંગે સુનાવણી કરવાની અપીલ કરવામાં આવી છે.

જસ્ટીસ ચેલમેશ્વરે તેમની ટિપ્પણીમાં કહ્યુ હતું કે તેમણે થોડા દિવસો પહેલાં સુપ્રીમ કોર્ટમાં અને દેશમાં ચાલી રહેલા ઘટનાક્રમ અંગે પત્ર લખ્યો હતો. કોઈ મારી વિરુધ્ધ સતત કાવતરાં કરી રહ્યુ છે.તેઓ એમ માને છે કે મારે કોઈ પદ જોઈએ છીએ.હું આ વિશે કશું કરી શકું તેમ નથી.મને માફ કરી દો. તમે મારી મુશ્કેલી સમજી શકો છો.ભારત દેશના લોકો બધું સમજે છે. અને પોતાની રીતે રસ્તો કરી લેશે. જસ્ટીસ ચેલમેશ્વરે કહયું કે હું મારો ચુકાદો આગામી ૨૪ કલાકમાં બદલાઈ જાય તેમ ઈચ્છતો નથી. તેના કારણે જ હું તમારી અરજી પર સુનાવણી કરી શકતો નથી.તમે મારી મુશ્કેલી સમજો, પ્લીજ જસ્ટીસ ચેલમેશ્રરે ૧૦મી નવેમ્બરે તેમનો આદેશ રીવર્સ કરાયો તે અંગેનો સંદર્ભ આપી રહ્યા હતા. મેડીકલ કૌભાંડ અંગેના તેમની બેન્ચના ચુકાદાને ચીફ જસ્ટીસે બદલી કાઢ્યો હતો.

એ ઘટના ક્રમમાં એડવોકેટ પ્રશાંત ભુષણે પણ પોતાના પિતા શાંતિ ભુષણની જાહેર હિતની અરજી આ રીતે સુનાવણીથી બાકાત રહેતાં તેને ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને મોકલી આપી હતી.ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે આ મેટર તાકીદે સુનાવણી પર હાથ ધરવી જોઈએ.ભુષણે આ અરજી પહેલાં જસ્ટીસ ચેલમેશ્વર સમક્ષ મુકી હતી.અને કહ્યુ હુતં કે આ ઈમરજન્સી છે અને તેની તાકીદે સુનાવણી કરવી જોઈએ.જસ્ટીસ ચેલમેશ્વરે કહ્યુ હતું કે તેઓ આ અંગે કોઈ સુનાવણી હાથ ધરી શકે તેમ નથી કેમકે તેનું દેખીતું કારણ છે. જસ્ટીસ ચેલમેશ્વરની આ ટિપ્પણી અને સુનાવણીનો ઈન્કાર સુપ્રીમ કોર્ટના અન્ય જસ્ટીસ કુરિયન જોસેફ દ્વારા ચીફજસ્ટીસને લખાયેલા બે પત્રો હોવાનું મનાય છે.જસ્ટીસ કુરીયને ચીફ જસ્ટીસ મિશ્રાને પત્ર લખીને ન્યાયિક બાબતોમાં સરકારી હસ્તક્ષેપ અને કોલેજીયમના નિયમો પળાતાં ન હોવાનો નિર્દેશ કર્યો છે.અને કહ્યુ છે કે જો આ અંગે અત્યારે કોઈ પગલાં ભરવામાં નહીં આવે તોૌ ઈતિહાસ આપણને માફ નહીં કરે. ઉલ્લેખનીય છે કે રોસ્ટરના મામલે ગત જાન્યુઆરીમાં જસ્ટીસ ચેલમેશ્વર, જસ્ટીસ જોસેફ કુરીયન,જસ્ટીસ મદન લોકુર, અને જસ્ટીસ રંજન ગોગોઈએ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે બળવો કર્યો હતો. અને પ્રેસ કોન્ફરન્સ કરીને ન્યાયની માંગણી કરી હતી.

સુપ્રીમ કોર્ટના જજની નિમણુંક કરવામાં સરકાર દ્વારા અસાધારણ વિલંબ થતો હોવાનું કહીને જજ જોસેફ કુરીયને ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને પત્ર લખ્યો છે અને કહયુ છે કે સુપ્રીમ કોર્ટના જીવન અને અસ્તિત્વ સામે જોખમ છે. તેમણે કહ્યુ હતું કે તાત્કાલિક નિમણુંક નહીં થાય તો ઈતિહાસ આપણને માફ નહીં કરે. અગાઉ ચાર ન્યાયાધીશોએ ચીફ જસ્ટીસ સામે વિરોધ દર્શાવતો પત્ર લખ્યો હતો.ચે ચારમાં પણ જોસેફ હતા. જસ્ટીસ કુરીયન જોસેફે ચીફ જસ્ટીસને પત્ર લખ્યો છે અને એ જ પત્રની કોપી અન્ય બાવીસ જજોને મોકલી આપી છે.

કોલેજીયમ સિસ્ટમ મુજબ જે જજોની નામાવલી સરકારને મોકલી આપવામાં આવી છે તેને સ્વીકારવામાં આવી નથી.જે જજો ભાજપ તરફી કે સરકાર પરત્વે કુણી લાગણી ધરાવતા હોય તેમની જ નિમણુંક કરવી અને તેમના નામની જ ભલામણ સ્વીકારવી તેવું સરકાર દ્વારા ઈચ્છવામાં આવી રહ્યુ છે અને તેથી કોલેજીયમ સિસ્ટમનો અમલ કરવામાં પાછી પાની થઈ રહી છે.ભાજપના કેટલાક નેતાઓ જેઓ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમને અનુકુળ આવે તેવા જજોની તરફેણ કરવામાં આવે અને નિમણુંક થાય તેવી ઈચ્છાને આધિન સરકાર થઈ રહી છે તેવું સુત્રો માની રહ્યા છે.વિલંબનું આવું કારણ હોઈ શકે છે તેવુ મનાય છે.



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

સામાજીક સમરસતાના પુરસ્કર્તા ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરને
૧૨૭મી જન્મજયંતી ઉપક્રમે સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ

ભારતીય બંધારણના ઘડવૈયા સન્માનીય ડો.બાબાસાહેબ આંબેડકરે
ગરીબો,શોષિતો,વંચિતો અને પીડીતો માટે આપેલ અધિકારોના રક્ષણ
ગુજરાત સરકાર કટિબધ્ધ

વિદેશ અભ્યાસ લોન : અનુસુચિત જાતિના ૬૨૧ લાભાર્થીને છેલ્લા ૫ વર્ષમાં
રુ.૮૭૫૦ લાખની લોન
કોમર્શીયલ પાયલટ તાલીમ : અનુસુચિત જાતિના ૨૪ લાભાર્થીઓને છેલ્લા પાંચ
વર્ષમાં રુ.૫૫૦ લાખની લોન
સરસ્વતી સાધના યોજના : ધો.૯માં ભણતી અનુસુચિત જાતિની ૭૩,૮૫૯ વિદ્યાર્થીની
ઓને છેલ્લા પાંચ વર્ષમાં રુ.૨૧૦૯ લાખની સાયકલ સહાય
પરિક્ષિતલાલ મઝુમદાર પુર્વ એસ.એસ.સી.શિષ્યવૃત્તિ : અનુસુચિત જાતની ધો.૧થી
૫ના વિદ્યાર્થીઓને રુ.૫૫૦ અને ધો.૬ થી ૧૦ની વિદ્યાર્થીઓને રુ.૭૫૦,ધો.૬ થી ૮ના
વિદ્યાર્થીઓને રુ.૫૦૦ અને ધો.૯ થી ધો.૧૦માં રુ.૭૫૦ની વાર્ષિક શિષ્યવૃત્તિ
છેલ્લા ૫ વર્ષમાં ૧૧,૨૬,૨૫૩ વિદ્યાર્થીઓને રુ.૪૨૬૫ લાખની શિષ્યવૃત્તિ
ડો.આંબેડકર આવાસ યોજના : અનુસુચિત જાતિના લાભાર્થીઓને શહેરી અને
ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય વધારીને રુ.૧.૨૦લાખ કરાઇ : છેલ્લા પાંચ વર્ષમાં
૧૮૫૨૮ લાભાર્થીઓને મળી રુ.૨૨૧૫ લાખની મકાન સહાય
ગણવેશ માટે સહાય : ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ગણવેશ માટે રુ.૩૦૦ સહાય
છેલ્લા પાંચ વર્ષમાં ૧૫,૦૧,૧૯૧ વિદ્યાર્થીઓને રુ.૪૪૮૮ લાખની સહાય
સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ : અનુસુચિત જાતિ, અનુસચિત જનજાતિ અને
વિકસતિ જાતિ અને આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે અદ્યતન સવિધા
સાથેની સમરસ હોસ્ટેલ : ૫૧૫૦ કુમાર અને ૪૯૭૧ કન્યાઓને મળી કુલ ૧૦૧૨૧
વિદ્યાર્થીઓને લાભ .... અને ઘણું બધું
બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને કોટી કોટી વંદન

શ્રી નીતિનભાઇ પટેલ,
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

# ડો.બાબા સાહેબ આંબેડકરે દલિતનો ઉત્કર્ષ માટે જે સપનું જોયું હતું તેની અત્યારે શું દશા છે તેમની દિશા સુધારવા કોઇ પ્રયત્નો થયા કે કેમ !

ભારતમાં દલિતોની આર્થિક અને સામાજિક હાલતમાં સુધારો હિદું વિકાસ દર કરતાં પણ અતિશય પછાત જોવા મળે છે.ભારત દેશ આઝાદ થયાને ૭૧ વર્ષ થયાં,પરંતુ દલિતોની દશામાં ઝાઝો ફેર પડ્યો નથી.સરકારો બદલાય છે પરંતુ દલિતોની દશા બદલાતી નથી.નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના અહેવાલ અનુસાર ભારતમાં દર મીનીટે દલિત પર અત્યાચારની ઘટના ઘટે છે.દરરોજ સરેરાશ ત્રણ દલિત મહિલા પર બળાત્કાર થાય છે.બે દલિત ભાઈઓની હત્યા થાય છે.અને સરેરાશ બે દલિતોના મકાન પ્રતિદિન સળગાવવામાં આવે છે.સરકારી આંકડા અનુસાર ૩૭ ટકા દલિતો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે.૫૪ ટકા દલિતોના સંતાનો કુપોષણથી પીડાય છે.દર ૧૦૦૦ જન્મેલા બાળકો પૈકી ૮૩ બાળકો પોતાનો પ્રથમ જન્મદિવસ ઉજવી શકતા નથી.૧૨ ટકા બાળકો પાંચમી વર્ષગાંઠ જોઈ શકતા નથી.આજે પણ દેશમાં ૨૭ ટકા દલિતો પોલીસ સ્ટેશન જતાં ડરે છે.૩૯ ટકા દલિત વિદ્યાર્થીઓને શાળામાં જમવા માટે અલગ વ્યવસ્થા રાખવામાં આવે છે.૨૪ ટકા દલિતોના ઘરના સરનામે ટપાલ જતી નથી.૪૮ ટકા દલિતોને પીવાના પાણી માટે આભડછેટનો સામનો કરવો પડે છે.ભારતીય કાયદા અનુસાર ૧૯૫૫માં જ અસ્પૃશ્યતા નિવારણની સત્તાવાર જાહેરાત થઈ હતી પરંતુ એનું સત્તાવાર અમલીકરણ આજદિન સુધી થયું નથી.ઉપરોક્ત આંકડાઓ નરી વાસ્તવિકતા છે અને સાથોસાથ વિરોધાભાસ છે કે આ દેશની વસ્તી ૨૫ ટકા એટલે કે ૩૦ કરોડ લોકો દલિત છે.લોકસભામાં ૫૪૫માંથી ૮૪ સીટો દલિતો માટે અનામત છે.છતાં કહેવાતા વિકાસના મોડલમાં દલિતો વંચિત છે.જો દલિત વોટબેક દલિત પાવરમાં પરિવર્તીત થાય તોકોઈપણ સત્તાધારી પક્ષના હાંજા ગગડી જાય તેમ છે.

માત્ર આંબેડકરની જયંતિ નિમિત્તે સહુ રાજકીય નેતાઓ શુરાતન દાખવે છે.પરંતુ દલિતોની અસરકારકતા વધે તેમાં તેમન` રસ નથી. માત્ર વોટબેક તેમના તરફેણમાં રહે તે જ તેમની મનશા હોય છે.મહાત્મા ગાંધી અને બાબા સાહેબ આંબેડકરનું સપનું હતું કે સમાજના વંચિતોનો વિકાસ થાય અને તેઓ સમાજની મુખ્યધારામાં સમાઈ જાય. પ્રશ્ન એ થાય છે કે ૭૧ વર્ષના વહાણા વહી ગયા પછી પરિસ્થિતિ શું છે ?સુપ્રીમ કોર્ટે એક માર્ગદર્શિકા ઘડી અને તેના પ્રત્યાઘાતો પડ્યા.એવી ગેરસમજ ઉભી થઈ કે દલિતોની તરફેણનો કાયદો ખતમ કરી દેવાયો છે. પરિણામે દલિત આંદોલન થયું અને દેશભરમાં તેના પડઘા પડ્યા.દલિતોને સતત એવી અનુભિતિ થઈ રહી છે કે તેમને અન્યાય થઈ રહ્યો છે.દલિતોને લાગે છે કે સવર્ણો તેમના હક્કો ઝુંટવવા માટે પ્રતિબધ્ધ બન્યા છે.અને આવનારા દિવસોમાં તેમને તેમના હક્કોથી વંચિત કરી દેવાશે.દલિતો સામે ૨૦૧૬માં ૪૭૩૩૮ અત્યાચારના કેસો નોધાયા હતા પરંતુ માત્ર ૯ ટકા લોકોનેજ સજા થઈ.તેથી ન્યાયતંત્ર તેમની સાથે નથી તેવી પણ ગેરસમજ વર્તાઈ.પરિણામે ૧૫ જેટલા દલિતોના મોત નિપજ્યા. ચુંટણીઓ લોકોને જુદા પાડે છે.મત મેળવવા માટે લોકો પ્રપંચ રચે છે.

(સૌ.ન.ગુસ. આધારતિ માહીતી)

# વેચનાર અને ખરીદનારે હવે સબરજીસ્ટારની ઓફિસમાં હાજર નહીં રહેવું પડે, ઓનલાઇન સિસ્ટમથી રજીસ્ટ્રેશન થશે

રાજ્યમાં કબજા સાથેના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત છે.પણ કબજા વગરના પાવર ઓફ એટર્નીની નોધણી ફરજીયાત નથી. જેના કારણે આવા પાવર ઓફ એટર્નીં દ્વારા ઘણી વખત મોટી છેતરપીંડી થાય છે.ઘણી વાર આવા પાવર ઓફ એટર્નીં જ્યારે વેચાણખતની નોંધણી માટે ઉપયોગમાં લેવાય ત્યારે પાવર ઓફ એટર્નીં કરી આપનાર વ્યક્તિ ફરી જતી હોય છે.તેથી કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી હવે ફરજીયાત બનાવાઈ છે.

આ સંદર્ભનું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૮ વિધાનસભામાં રાજ્ય સરકારે બહુમતીથી પસાર કર્યુ હતું. જુના એક્ટની કલમ ૧૭(૨)(૧૨)માં જાહેર હરાજીથી કોઇ મિલ્કત ખરીદનારને નોંધણીમાંથી મુક્તિ અપાઈ છે. નવા સુધારા વિધેયકમાંથી આ કલમ કમી કરાઈ છે.કેન્દ્રીય અધિનિયમમાં અત્યારે મિલ્કતના માલિકી હકની તપાસ માટે કોઈ જોગવાઈ નથી.નવા સુધારા રોકવા માટે જરુરી તપાસની જોગવાઈ દાખલ કરાઈ છે.રસપ્રદ એ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩૨,૩૪ અને ૩૫ની જોગાવાઈઓ પ્રમાણે વેચનાર અને ખરીદનારાઓએ અત્યાર સુધી દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયા માટે સબરજીસ્ટાર સમક્ષ ઉપસ્થિત થવું પડતું હતું.હવે સમગ્ર પ્રક્રીયાનું ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા રજીસ્ટ્રેશન થવાનું છે. એટલે નિયમનની સત્તા ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીર્ટ્રેશનને અપાઈ છે.રાજ્ય મહેસુલ મંત્રી કૌશિક પટેલે આ વિધેયક પસાર કરતી વેળાએ જણાવ્યુ હતું કે નવા ફેરફાર પ્રમાણે હવે ઓનલાઈન સિસ્ટમથી ઘેર બેઠા દસ્તાવેજો સબમિટ કરી શકાશે.પણ ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં ખરાઈ થશે જ. જે અંગેનો પાઈલટ પ્રોજેક્ટ ગાધીનગરમાં અત્યારે ચાલી રહ્યો છે.સબરજીસ્ટારની કચેરીઓ સગવડો વિનાની અને નાની જગ્યામાં ચાલતી હોવાની ફરિયાદોના સંદર્ભે મહેસુલ મંત્રીએ એવું પણ કહ્યુ હતું કે રુ.૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૨ પૈકી ૧૯ સબરજીસ્ટારની કચેરીઓ અધ્યતન બનાવવામાં આવશે.

## જાણવા જેવું !

ન્યુટ્રોન તારાનું વજન ૧૦૦ મીલીયન ટન જેટલું હોય છે.
દરિયાના મોજા જેટ પ્લેનની રફતારથી ગતી કરતાં હોય છે.
જીપ શબ્દનો સાચો અર્થ જનરલ પર્પઝ છે. પરંતુ કાળક્રમે તે અપભ્રંશ થઈને જીપ તરીકે પ્રચલિત થઈ ગયો.
વિશ્વમાં ૬૮૦૦ થી પણ વધુ ભાષા અસ્તીત્વ ધરાવે છે.

## જાણવા જેવું !

નેબ્રાસ્કામાં ચર્ચમાં છીંક ખાવા પર પ્રતિબંધ છે.
હાથના નખ પગના નખ કરતાં ચાર ગણી ઝડપથી વધે છે.
માણસના શરીરની ચામડીનું વજન કુલ વજનના સોળ ટકા જેટલું થવા જાય છે.
નેધરલેન્ડમાં ચલણી નોટો પર અંધજનો પારખી શકે માટે બ્રેઈલ લીપીમાં રકમ લખેલી હોય છે.ઈઝરાયેલ અને સ્વીઝરલેન્ડમાં પણ આ પ્રકારની ચલણી નોટો ચલણમાં છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્કઃ એ એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.